**કીટકશાસ્ત્ર વિભાગ**
**બં. અ. કૃષિ મહાવિદ્યાલય**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ-૩૮૮ ૧૧૦**

# મિશન મધમાખી અંતર્ગત "મધમાખી પાલન" અંગે બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા મિશન મધમાખી યોજના અંતર્ગત મધમાખી પાલન અંગેનો બે દિવસીય તાલીમ કાર્યક્રમ તા. ૦૮/૦૮/૨૦૨૩ અને ૦૯/૦૮/૨૦૨૩ દરમ્યાન ડૉ. કે. બી. કથીરિયા, કુલપતિશ્રી, આકૃયુ, આણંદ ના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ. જેમાં આણંદ, મહીસાગર અને ખેડા જિલ્લાના અલગ અલગ ગામોના કુલ ૩૪ ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધેલ. કાર્યક્રમનાં ઉદ્દઘાટન સમારોહમાં ડૉ. વાય. એમ. શુકલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, બીએસીએ, આકૃયુ, આણંદ; ડૉ. સ્મિતાબેન પિલ્લાઇ, જીલ્લા બાગાયત અધિકારી, આણંદ; ડૉ. ડી. બી. . સિસોદીયા, પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ; શ્રી વિપુલભાઈ મહિડા, અમૂલ, આણંદએ ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કરીને તાલીમ કાર્યક્રમનું ઉદ્દઘાટન કરેલ. શ્રી વિપુલભાઈ મહિડા, અમૂલ, આણંદએ સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમ દરમ્યાન ડૉ. વાય. એમ. શુકલએ સૌ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવી તાલીમ દરમ્યાન મેળવેલ માહિતીનો ઉપયોગ કરી મધમાખી પાલન કરવા, તેમજ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અન્ય તાલીમ કાર્યક્રમોનો લાભ લેવા જણાવ્યું હતું. ડૉ. પિલ્લાઇ, જીલ્લા બાગાયત અધિકારીએ ગુજરાત રાજ્ય બાગાયત ખાતા દ્વારા ચાલતી બાગાયત ખાતાની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અંગે માહિતી આપી તેનો લાભ લેવા જણાવેલ અને વધુમાં વધુ ખેડુતો આવી તાલીમોનો લાભ લઈ ખેતીની આવકમાં વધારો કરે તેવી આશા વ્યક્ત કરેલ. વધુમાં ડૉ. સિસોદીયાએ યોજનાકીય માહિતીથી ખેડૂતોને અવગત કરી તેમાં મધમાખી પાલનના ફાળા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ત્યારબાદ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને વિષય નિષ્ણાંતો દ્વારા મધમાખીથી થતા પરાગનયનની અગત્યતા તેમજ તેનાથી થતા પાક ઉત્પાદન, પરંપરાગત અને વૈજ્ઞાનિક ઢબે થતા મધમાખી પાલન અને મધની ગુણવત્તા તેમજ વિવિધ પ્રકારના મધની ફ્લેવર્સ વિષે તેમજ મધમાખી પાલનમાં વપરાતા વિવિધ સાધનો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવેલ. શ્રી જે. કે. ભાણ, સફળ મધમાખી પાલક,

વડોદરા દ્વારા મધુપાલન ની વિવિધ બનાવટો અને તેના ઉપયોગોની માહિતી આપવામાં આવેલ. આ ઉપરાંત ખેડૂત ભાઈઓ-બહેનોએ ખેડા જિલ્લા ખાતે જાળીયા ગામમાં અર્જુનસિંહ ઝાલાના મધમાખી ઉછેર કેન્દ્રની મુલાકાત લીધેલ.

આ તાલીમ કાર્યક્રમના અંતમાં ખેડૂતોએ તેઓના પ્રતિભાવમાં તાલીમ વિશે જણાવેલ કે આ તાલીમ તેઓને ખૂબજ ઉપયોગી સાબિત થશે કારણકે અત્યાર સુધી તેઓ મધમાખી પાલન અંગે આટલી બધી સમજ ધરાવતા ન હતા. તેમજ આવી અમોએ મેળવેલ માહિતી અન્ય ખેડૂતો સુધી પણ પહોંચાડીશુ. તેઓએ આવી તાલીમ રાખવા બદલ આણંદ કૃષિ યુનિવર્સિટીનો આભાર પણ માન્યો હતો અને તાલીમ જાણવા લાયક અને સંતોષકારક રહી તેમ જણાવ્યુ હતું. તાલીમ કાર્યક્રમના અંતે પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ. આ સમગ્ર તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન શ્રીમતી મીનાક્ષી લુણાગરીયા, ખેતી અધિકારી, કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવેલ તથા કાર્યક્રમના અંતે તેઓએ સર્વેને ખેડૂતમિત્રોને આભારદર્શન પાઠવેલ.

## <u>તાલીમ કાર્યક્રમની ઝાંખી</u>









Save Bees, Save Earth
Session I
BEEKEEPING IN INDIA:


"મિશન મધમાખી કાર્યક્રમ"
અંતર્ગત આયોજીત
તાલીમ કાર્યક્રમ
મધમાખી પાલન


"મિશન મધમાખી કાર્યક્રમ"
અંતર્ગત આયોજીત
તાલીમ કાર્યક્રમ
મધમાખી પાલન


"મિશન મધમાખી કાર્યક્રમ"
અંતર્ગત આયોજીત
તાલીમ કાર્યક્રમ




"મિશન મધમાખી કાર્યક્રમ"
અંતર્ગત આયોજીત
તાલીમ કાર્યક્રમ


तुलसी
BIO-PESTICIDES LABORATORY